# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




દેશનાં જ ભાઇ-ભૈયાઓની લાગણીથી રમે છે,
દૃષ્ટિ-હૃદય નથી વિશાળ સંકુચિતતા ગમે છે
દમે છે ફંડ-ફાળાથી એ પોતાની જ પ્રજાને પણ -
ભોગવે સવલત છતાં દમદાટીથી જે છે.
(મહારાષ્ટ્ર સેવા સદન કિસ્સો)




લાચાર પક્ષ!
છે એક જ ઉપાય -
વોક આઉટ..

બાળ બિમાર,
ભણતર બિમાર,
તંત્ર બિમાર
(શિક્ષણ-બિમાર)

## ચિંતન

**આત્મનો મુખદોષેણ બધ્યન્તે શુક સારિકાઃ । બકાસ્તત્ર ન બધ્યન્તે મૌનં સાધનમ્ ॥**

પોતાના મુખ-જીભના દોષથી જ મેના અને પોપટને બંધનમાં મૂકાવું પડે છે. બગલો સદાય મૌન રહે છે તેથી તે કદાપિ બંધનમાં આવતો નથી. બધા-સાધન-સફળતાનું-હેતુઓનું મૂળ ‘મૌન’ છે.

આજના જમાનામાં પુત્ર-પુત્રવધુ તો ઠીક દીકરી-જમાઇ-દોહિત્રાં કે પૌત્રાંને વડીલ તરીકે સાચી સલાહ, ચાહે વિનય-વિવેક-વર્તન માટે હોય કે ખાવા-પીવા અને તંદુરસ્તીના નિયમ માટે હોય એમને વડીલનાં સલાહ-સૂચન સાંભળવાં ગમતાં જ નથી એમને એકજાતની ‘દખલ’ એમની સ્વતંત્રતા કે વિચાર સ્વાતંત્ર્ય પર જાણે કોઇએ બંધન કે લગામ નાખી હોય એવું લાગે છે તેથી તોછડાં વર્તન સામે અપમાન પણ કરી લે છે. જે વડીલો સલાહ સૂચનની ‘ટેવવાળાં’ જ હોય એમને આ વડચકાં ખાવા જ રહ્યાં -

જે મૌન રહી બધી તાસીર વર્તન જોયા કરે અને સમજે કે આવાં લોકો અનુભવ-ઠોકરથી જ શીખશે - સુધરશે એને કોઇ ‘અપમાન’ સહન કરવાં પડતાંન થી.

અહીં મેના-પોપટ અને બગલાના દૃષ્ટાંત દ્વારા આ વાત સમજાવવામાં આવી છે.

## સુવિચાર

- જલતી આગ બુઝા ન પાયે, વહ નીર કયા? અપને લક્ષ્ય કો ભેદ ન પાયે વો તીર ક્યાં? સંગ્રામ મેં લાખો કો મારને વાલા ભી અગર અપને આપ પર વિજય ન પાયે, તો વહ વીર હી કયા **- જનકલ્યાણ**
- સુખ-ચેનથી ઊંઘવા માટે બાહ્ય ઇમેજ કામ નથી લાગતી, અંદરથી સાફ સુથરા પવિત્ર રહીયે તોજ પોઢવાની મજા આવે **- એસ. ભટ્ટાચાર્ય**
- ઇમેજ હોય ત્યાં ઇમાન નથી હોતાં, ઇમાન હોય ત્યાં ઇમેજ નથી હોતા- **ફારસી કહેવત**
- જે વધુ પડતું બોલે છે, એ કવચ કુંડળ ઉતારી નાખેલો કર્ણ છે **- જય વસાવડા**
- ક્રોધ થાય તો ઝડપભેર ઉતારવો પણ જોઇએ, કાયમી ક્રોધ મગજનું અલ્સર છે- **ઓશો**
- પરિપક્વતા માટે ઉંમર એ ચૂકવવી પડતી બહુ મોંઘી કિંમત છે **- મનુસ્મૃતિ**
- નિષ્કામ કર્મો ઇશ્વરને ઋણી બનાવે છે, ઇશ્વર કોઇનું યે ઋણ માથે રાખતો નથી. એટલે સત્કર્મ કરનારને તેનો બદલો વ્યાજ સાથે ચૂકવી આપે છે **- રમણ મહર્ષિ**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણી મંદિર-મસ્જિદની મૂલાકાતો નમાઝ-સ્તુતિઓ પાછળ સ્વાર્થ વૃત્તિ કામ કરે છે એક જાતનો સોદો છે. હું પૂનમ ભરું, નિયમિત એકવાર તને મોઢું બતાવી જાઉં. વદલામાં તું મારા કામ કરજે અથવા મારું કાયમ ધ્યાન રાખજે’ એમાં નિઃસ્વાર્થ, શુદ્ધ હૃદયનો ભાવ નથી હોતો. બેસણામાં મુખ્ય વ્યક્તિ એ આપણને જોઇ લીધી ને? બસ ધક્કો સફળ-મૃતક માટે કંઇ હૃદયમાં વેદના નથી હોતી... પ્રાર્થના-દર્શનમાં હૃદયનો શુદ્ધ ભાવ હોય..

યુદ્ધિષ્ઠિર પ્રાર્થના કરતા હતા. પૂજા-પાઠ નિત્યક્રમમાંથી જયારે પરવાર્યા ત્યારે દ્રૌપદીએ યુધિષ્ઠિરને કહ્યું - ધર્મરાજ! તમે નિયમિત ભગવાનને પ્રાર્થના કરો છો, છતાં ય આપણને આપત્તિઓ કેમ આવે છે? અને આ વન-જંગલમાં ભટકવું પડે છે - નથી ખાવા-પીવા રહેવાનું ઠેકાણું - આ બધામાંથી આપણને ઉગારવા માટે કેમ પ્રાર્થના નથી કરતા?

ધર્મરાજ કહે - જો પ્રકૃતિ-વન-જંગલમાં ફરવાનો અદ્‌ભૂત આનંદ ઇશ્વરે આપણને આપ્યો છે. આ પશુપંખીનો કલરવ અને નિર્દોષ પશુઓનું વાત્સલ્ય આપણને મહેલમાં કયાં મળવાનાં હતા? એ ઇશ્વરની કૃપા જ કહેવાય. પ્રકૃતિ આપણને માગ્યા વિના જ ફળ-ફૂલ-અનાજ બધું જ આપે છે - એને માટે તમે કોઇ દિવસ પ્રાર્થના કરી છે?

કર્મનાં ફળ સારાં કે માઠાં - હસતે મુખે પ્રભુ કે પ્રભુ ઇચ્છા સમજી સ્વીકારી લેવા જોઇએ. એને માટે પ્રાર્થના - કરવી એ ‘સોદાબાજી’ કહેવાય - માનસિક સાંતિ અને આત્માની ઉન્નતિ માટે જ પ્રાર્થના કરું છું.’ દ્રૌપદીએ ધર્મરાજ યુધિષ્ઠિરને વંદન કર્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

# સ્વૈર, મુક્ત, ખુલ્લા ગગનની ખેપ અને નિર્ભાર, નૈસર્ગિક ઉડ્ડયનની કાવ્ય ખેવના

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

વિપરિત પરિસ્થિતિમાં પણ મને શબ્દ એ સાંત્વના આપી છે. જીવન જીવવાનું બળ પુરું પાડ્યું છે. એમ કહેવામાં જરાય ખોટું નથી. લાગણીને સથવારે જીવનારને આમ જ હોય, ઘણીવાર ન કહેવાય, ન સહેવાય એવી બોઝિલ સ્થિતિમાં કહ્યું છે તેમ ‘વેદનાની ચીસના પાડી શક્યો, દર્દને મેં ગીતમાં ઢાળ્યા કર્યું’ એમ કહેનાર કવિ ‘ટહુકાતું એકાંત’ લઇને આવે તેમાં જવા ‘રોમ રોમ રણઝણે’ છતાં શબ્દ થકી જીવનમાં આનંદ મેળવતાં મેળવતાં એ કહે ભઇ જીવનમાં તો આમજ હોય કેમ કે ‘આપણે તો પંખીની જાત.’

હાં, મારે આજે તમને એવી પંખીની જાત સમાન ઊંચા ઉડ્ડયનો કરનાર કવિની કવિતાઓ સમક્ષ લઇ જવા છે. જેમાં એકાંતના ટહુકાઓથી રોમ રોમ રણઝણે એવી અદ્‌ભૂત કાવ્ય રચનાઓ મળે છે.

આપણું ગગન અને આપણું ગાન કહીને આપણી સંત પરંપરાના સાધક કવિ ડો. દલપત પઢિયારના સંગ્રહને અવલોકતાં સાચું જ કહે છે કે ‘આ તો પંખીની જાત, એ તો ગગનમાં ઉડનારાં અહીં સ્વૈર, મુક્ત, ખુલ્લા ગગનની ખેપ અને નિર્ભાર, નૈસર્ગિક ઉડ્ડયનની ખેવના વિવિધ કાવ્ય રૂપે અભિવ્યક્ત થઇ છે. ગીત, સોનેટ, છાંદસ, અછાંદસ એમ વિવિધ કાવ્ય સ્વરૂપો સાથે કવિએ કામ પાડ્યું છે.’

‘આપણે તો પંખીની જાત’ કાવ્યસંગ્રહમાંથી પસાર થતાં આપણને કુલ ૯૭ રચનાઓ મળે છે. એમાં હરિ અર્થાત પરમાત્મા પ્રત્યેની ભક્તિ અને પ્રાર્થના પ્રકારની રચનાઓ છે. તો જીવનના વિધવિધ અનુભવોની અભિવ્યક્તિ આપતી રચનાઓ પણ છે. સમાજ જીવનમાં વિષમતાઓ, વિરૂપતાઓ, ભેદો, વાડાઓ વગેરે સામેના આક્રોશને વ્યક્ત કરતી રચનાઓ છે. તે સાથે માનવ જાત અને તેમાં જોવા મળતી મૂલ્ય હ્રાસની, સ્વાર્થની, સંકુચિતતાની, ‘માણસ’ જ શોધવા પડે એવી વરવી સ્થિતિના ખેદને અભિવ્યક્ત કરતી રચનાઓ છે. અંગત જીવનની તડકી છાંયડીની પણ રચનાઓ છે. અને વિદેશ યાત્રાના અનુભવોને આલેખતી પણ રચનાઓ છે. વતન પ્રદેશના સંસ્મરણો સાથે સાથે નગર જીવનના અનુભવોની પણ રચનાઓ છે. ગાંધીજી અને ગાંધી વિચાર મુલ્યોની અવહેલના પ્રત્યેનો અળાજ પણ એમની કવિતામાં ઉઠે છે. તે સાથે ભ્રષ્ટાચાર, કન્યા-ભ્રૂણહત્યા જેવા વિષય પર પણ તેમની કલમ ચાલે છે. ભૂકંપ, ગોધરાકાંડ જેવી ઘટનાઓ પણ અહીં કાવ્યનો વિષય બની છે. અત્યારે આયુષ્યના પંચોત્તેરમાં વર્ષમાં કવિ પ્રવેશે છે ત્યારે જાહેર જીવનના અને અંગત જીવનના જૂજવા રંગ એમણે જોયા છે. પોતાની વાત વિશે એમને વિશેષ રીતે કહેવાનું થયું છે. ‘હું છાસઠનો છોગાળો’, ‘અડસઠનું સ્વાગત’, ‘સાત દશકના દરવાજે’ જેવી રચનાઓ એની પરિચાયક છે. આ રચનાઓ વિષયનિષ્ટ, ભાવઘન અને લાઘવના ગુણવાણી જણાય છે. ‘ઋણાનું બંધ’ જેવી રચના સ્પર્શતી છે. ‘હયુ જ ભણકારા વાગે’ રચના પુત્રના અવસાનના આઘાતની ઘેરી કરૂણ અભિવ્યક્તિ ભાવક પર ઊંડી અસર પાડે છે. તેની બે પંક્તિઓ જોઇએ -




હજુય ભણકારા વાગે
સુત સૂતો છે નિજધામે
તો ય ભર્યો ઓરડો લાગે...

‘અવતરવા દો’માં કન્યા ભ્રૂણ હત્યાના દુષ્કૃત્ય અંગેની સંવેદના વધારે પડતી મુખર થયા વિના અસરકારક રીતે પ્રગટ થઇ છે. તેને જરા માણીએ.

‘સાખ પડે તે પહેલાં આંખો શીદ વેડા છો?
નિજ આનંદ ને કાજે થયું ફળ શીદ તોડો છો?’

‘હરિવર તમે નહીં તો,’ ‘અંતરપટ’, ‘શબ્દ સુણાવો’, ‘ચરણ ચલે ત્યાં ચાલો’, ‘દીવો કેમ કરી પ્રગટાવું.’, ‘માણસ કયાં છે?’, ‘ભલે ફાટે ધરતી’, ‘જો તું આવે’, ‘કાળ દેવતા’ વગેરે રચનાઓ સર્જકની રીતે સંતપર્ક અને આસ્વાદ્ય છે.

કવિનું કટાક્ષનું હથિયાર પણ વધારે સજેલું અને ધારવાળું જણાય છે. તે હળવી રીતે પણ ગંભીર, બેઠો વાર બરાબર કરી જાણે છે. ‘ચકી-ચકાની ખીચડી’, ‘ગોકુળિયું ગામ નોંખુ લાગે’, ‘વેળા થઇ’ જેવી રચનાઓ એમાં ખાસ ધ્યાન ખેંચે છે. ‘ચકા-ચકીની ખીચડી’માં જીવન જરૂરિયાતની વસ્તુઓની મોંઘવારી ઉપર કટાંક્ષ છે. બાળવાર્તાનાં વસ્તુ સંદર્ભ અને શૈલીનો સાર્થક વિનિયોગ થયેલો છે. ગોકુળઇયું ગામ...’ નું નિરૂપણ થોડું સમીકરણાત્મક છે છતાં ગોકુળિયાં ગામની વિશેષ ઓળખરૂપ માખણ શેરીઓમાં વેચાવાને બદલે ‘મોલમાં વેચાય’ જેવી વિડંબણામાં તાજગી અનુભવાય છે. ‘વેળા થઇ’ માં તો કવિને પોતાની જાત ઉપર નો માર્મિક કટાક્ષ કેવ છે તે જૂઓ -

‘જાગો ભાનું ભૈ! જુલાઇની પહેલી
જોત જોતામાં ચાલી ગઇ
હરિ સ્મરણની વેળા થઇ!’

કવિનું સમર્ગ સર્જન જોતાં તેમણે મુખ્યત્વે ગીતો અને દ્વિતીય ક્રમે અછાંદસમાં કાવ્ય સર્જન કર્યું છે. ગીત સર્જન પ્રત્યે તેમની લગની સારી છે અને એ વિશેની માવજત પણ સારી છે. કેટલીક છુપાયેલી રચનાઓ એમનાં સર્જનનું જમાપાસું છે. અછાંદસમાં પણ કવિનો પ્રયાસ ઘણો સારો છે. એમાં ‘સત્ય’ જેવી લઘુ રચનાઓ પણ છે. અને ‘જૂની આંખે નવું’ જેવી લાંબી રચનાઓ પણ છે. ‘સત્ય’ રચના વ્યંજના શક્તિનો સારો કયાસ કાઢવા મથતી જણાય છે. ‘જૂની આંખો નવું’માં ઓસ્ટ્રેલિયાના પ્રવાસના અનુભવોની અભિવ્યક્તિ વાચનક્ષમ છે. ‘ખોવાયેલું ગામ’ માં વતન પ્રદેશમાં વીતેલા બાળપણની મનહર વૈભવી છબીઓ અને આજના ઔદ્યોગીકરણ અને પ્રદૂષણને લઇને બગડી ગયેલા ગામની વિકૃત છબીઓનાં આંતર વિરોધનું મૂળ ગામ ખોવાઇ ગયાની વેદના - સંવેદનાના એમાં અસરકારક રીતે વ્યક્ત થઇ છે. ‘કાળ દેવતા’ માં ઉમાશંકર જોશી, મેઘાણી, અને સુંદરમ્ ને એક વ્યંજનાસભર કાવ્ય બન્યું છે. ધરતીકંપ, ઓહ સિડની, મોતી, ઝંખના, માણસ નથી બનવું લાવ તારો હાથ વગેરે રચનાઓ ગદ્યાળુ અને સપાટ ન બની જાય તેની કવિએ કાળજી રાખી છે. કવિ કાંઇ અન્ય અભિનિવેશથી પ્રેરાઇને નથી લખતા એટલે એમની અભિવ્યક્તિ વધારે આત્મીય અને સ્પર્શક્ષમ બની રહે છે. બીજું તેઓ કોઇ પણ પ્રકારના ભાર વગર લખે છે. જે ભાવકને રચના સાથે જોડી રાખે છે.

‘આપણી તો પંખીની જાત’ કાવ્ય સંગ્રહના કવિ ભાનુપ્રસાદ પુરાણીનું મૂળવતન ગોધરા જિ. પંચમહાલનું મેશરી ગામ. પણ તેઓ વર્ષોથી ગાંધીનગરમાં સ્થિર થયા છે અને શિક્ષણ, સાહિત્ય અને સમાજ સેવાની પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહ્યા છે. તેમની મહત્ત્વપૂર્ણ પ્રકાશનોમાં કાવ્ય સંગ્રહો - ટહુકાનું એકાંત, રોમ રેમ રણઝણે અને પ્રવાસકથા ‘સલામ સીડની’ તેમજ સ્મરણવીથિકા નામે સ્મૃતિ લેખો મળે છે. તે ઉપરાંત સંપાદનો અને અનુવાદનાં પુસ્તકો પણ પ્રગટ થયાં છે.

‘આપણી તો પંખીની જાત’ કાવ્ય સંગ્રહ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ દ્વારા પ્રગટ થયો છે આવું સુંદર પ્રકાશન કરવા બદલ પ્રકાશક અને કવિ ભાનુભાઇ પુરાણીને ધન્યવાદ પાઠવું છું.

**‘આપણી તો પંખીની જાત’ (કાવ્ય સંગ્રહ)**
**લેખક - ભાનુપ્રસાદ પુરાણી**
**પ્રકાશક - ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
**રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,**
**અમદાવાદ-૩૮૦૦૦૧**
**કિંમત રૂા. ૧૨૦, પૃષ્ઠ - ૧૧૧,**
**પ્રથમ આવૃત્તિ - જૂન-૨૦૧૪**

# આભારના બે-અઢી શબ્દો તમારા સંબંધોને ઉષ્માભર્યા અને સશક્ત બનાવે છે

## હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

આપણે ત્યાં ‘થેન્ક યુ’ કહેવું એ જાણે નવી ફેશન હોય એ રીતે મુલવવામાં આવે છે. આપણી ભાષા કે સંસ્કૃતિમાં આભાર માનવા માટેનો કોઇ શબ્દ સ્થાપિત થઇ શક્યો નથી, કારણ કે આપણે ત્યાં કોઇએ તમારું કામ કર્યું હોય કે ભલું કર્યું હોય, ઉપકાર કર્યો હોય તો એની શાબ્દિક નહીં પણ વ્યવહારિક બદલો વાળવાની પ્રણાલી ચાલે છે. જો કે હવે સમય અને માહોલ બદલાયા છે. પહેલાં તો વ્યક્તિને મોટા ભાગે પોતાના પરિચિયો સાથે જ કામ પડતું હતું. પરંતુ આજના કોર્પોરેટ કલ્ચરમાં મોટા ભાગનાં લોકો એકબીજાને ઓળખતા હોતા નથી. તેમની વચ્ચે માત્ર કામની કે ઔપચારિક વાતો જ થતી હોય છે. પ્રોફેશનલ લાઇફમાં સંપર્કમાં આવનારી બધી વ્યક્તિ તમારી મિત્ર હોતી થી. ત્યારે શિષ્ટાચાર વધુ જરૂરી બની ગયો છે. વિદેશોમાં ભણવા કે કરિયર બનાવવા જતાં યુવાનોને એક સલાહ ખાસ અપાય છે કે તમારી જીભમાંથી ‘થેંક યુ’ની સરવાણી સતત વહેવી જોઇએ. કારણ કે વિદેશમાં શાબ્દિક આભારવિધિનું વિશેષ મહત્ત્વ છે અને હવે તો આપણે ત્યાં પણ આવું કલ્ચર વધતું જાય છે. ‘થેંક યુ’ સાવ નાનકડું વાક્ય હોવા છતાં અસરકારક ને અગત્યનું પુરવાર થાય છે.




ઘણાં લોકો માત્ર ઔપચારિકતા ખાતર ‘થેંક યુ’ કહેતા હોય છે. પરંતુ ઔપચારિકતા ‘થેંક યુ’ કહેવાય ત્યારે તેમાં ભાવ કે ઉમળકાનો અભાવ હોય છે, જેનો અહેસાસ સામેવાળી વ્યક્તિને તરત થતો હોય છે અને તેની નેગેટીવ અસર થતી હોય છે. ‘થેંક યુ’ કહો ત્યારે દિલથી કહો, તમારા શબ્દમાં ભાવને ભેળવીને કહો, તો સામેવાળાને અહેસાસ થશે કે તમે સકારાત્મક અસર જોવા મળશે.

કેટલાકને થેન્ક યુ કહેવામાં ઇગો આડે આવી જતો હોય છે. કોઇનો આભાર માનીને આપણે જાણે નીચે પડતાં હોઇએ. એવું તેઓ માને છે. ઘણાં સિનિયર અધિકારી કે માલિક માને છે કે. મારે શા માટે આભાર માનવો, પરંતુ આભાર માનવાની બાબતમાં નાના-મોટા કે સિનિયર જુનિયર કે માલિક-સેવકનો ભેદ ન કરવો જોઇએ. માલિક કે ટીમ લીડર તો ખાસ પોતાના કર્મચારીઓનો આભાર માનવો જોઇએ, કારણ કે આભાર માનવીથી કર્મચારીઓનો ઉત્સાહ વધતો હોય છે. તેમની કદર થયાનો અહેસાસ થાય છે, જેનાથી તેમની લોયલ્ટીમાં પણ વધારો થાય છે. કોઇ પણ વ્યક્તિને થેંક યુ શબ્દ કહેવાથી આપણે નાના નથી થઇ જતાં ‘થેંક યુ’ એવો છે જે આપણી પર્સનાલિટી સારી છે કે ખરાબ તે દર્શાવે છે. આપણાથી નાની વ્યક્તિને પણ થેંક્સ કહેવું જોઇએ, તે પોતાને નાની ન માનીને પોતાને મોટા હોવાનો ગર્વ અનુભવે.

નાની કે મોટી મદદ કરનાર, તમારા કામમાં સહભાગી થનારાનો આભાર માનશે, એ તમારો હિતેચ્છુ બનશે. તમારી વચ્ચેનું અંતર ઘટશે. જયારે તમે કોઇને આભાર નથી માનતા ત્યારે તમારી ગણતરી ઇગોઇસ્ટિક વ્યક્તિ તરીકેની થશે અને સામેવાળા વ્યક્તિને તમારી સાથે ભવિષ્યમાં કામ કરવાનો કે તમને દદ કરવાનો ઉત્સાહ નહીં રહે. આભાર ન માનવાનો ભાર તમને ભારે પડી શકે છે. તમારા ભાવિને ધૂંધળું બનાવી શકે છે, જયારે આભારના બે-અઢી શબ્દો તમારા સંબંધોને ઉષ્માભર્યા અને સશક્ત બનાવે છે.

તમારી જિંદગીમાં તમને મદદ કરતી બધી જ વ્યક્તિને તમે ‘થેન્ક યુ’ કહી દેશો તો તમારી ઇજ્જત ઓછી નથી થઇ જવાની. માત્ર થેંક યું કહી દેવાથી કામ પતતું નથી. તમારે પ્રોત્સાહક પગલાં જેવાં કે પ્રમોશન, પાર્ટી, સન્માનપત્ર, ગિફ્ટ, ઇનામ, પગાર વધારો વગેરે લેવા જરૂરી છે. શબ્દોથી આભાર માનવો. થેન્ક યુ સાથે તમારે થોડા વધારે શબ્દો ઉચ્ચારવા જોઇએ.

જયારે તમે કોઇ વ્યક્તિને ‘થેન્ક યુ’ કહો છો તો તેની સાથે સાથે શબ્દોને સાકાર કરવા યોગ્ય અને નક્કર પગલાં લેવા પણ જરૂરી છે. તમે તે વ્યક્તિને જે કંઇ કહો છો તેને સચ્ચાઇમાં ફેરવો. તમે કોઇ વ્યક્તિને આપેલો આભાર તમારી સારી વ્યક્તિમાં ગમતરી કરાવશે. તેની સાથે સાથે તમારી વેલ્યુ પણ વધશે.

આભારના બે શબ્દો તમને વધારે નમ્ર તેમજ સંબંધોની દૃષ્ટિએ નક્કર બનાવશે. તમે આભાર માનશો તો તમને તમારો આભાર ચોક્કસ મળશે.

# સારું વાચન વિચારો સમૃદ્ધ કરે છે અને કલ્પનાશક્તિ વિકસાવે છે, જે ટેલિવિઝન સામે બેસવાથી શક્ય બનતું નથી

## ચુંબક નામે ટેલિવિઝન

## અક્ષયપાત્ર

- બકુલ દવે

**I Hate television. I hate is as much as peanuts.**
**But I can’t stop eating peanuts.**
**- Orson Wells**

**(ટેલિવિઝનને ધિક્કારું છું. હું વટાણાને જેટલા ધિક્કારું છું એટલું જ ટેલિવિઝનને ધિક્કારું છું. પણ હું વટાણા ખાવાનું છોડી શકતો નથી.)**

અમેરિકન અભિનેતા અને ફિલ્મ દિગ્દર્શક ઓર્સન વેલ્સ જેવી સ્થિતિ આજે અગણિત ટેલિવિઝન દર્શકોની છે. એક સમયે જોવાનું ગમતું હતું તે ટેલિવિઝન હવે વળગણ બની ગયું છે. અજાણતાં ટેલિવિઝનને એટલું મહત્ત્વ અપાઇ ગયું છે કે એ હવે ન હોય તો જીવવાનું ફાવે નહીં. કોઇ વસ્તુનું આટલું હાડોહાડ બંધાણ થઇ જાય તે ચિંતા પ્રેરે તેવી સ્થિતિ છે.

ટેલિવિઝિન નવુંસવું આપણા દેશમાં આવ્યું ત્યારે એના પર ફક્ત દૂરદર્શનના કાર્યક્રમો જ જોઇ શકાતા હતા. સમાચાર, ધારાવાહિક, શ્રેણીઓ અને અન્ય કાર્યક્રમોનું પ્રસાર સ્તરીય હતું. એકાદ અપવાદ સિવાય ડેઇલી સોપ ન હતી. ધારાવાહિક શ્રેણીઓના તેર એપિસોડ રહેતા. રજૂઆત સરસ રહેતી. કલાત્મક રજૂઆતથી એમાં નિહિત સંદેશ એકરસ થઇ જતો.

સમય જતાં ટેલિવિઝનમાં ધંધાદારી ચેનલોનો પ્રવેશ કર્યો. લોકો વાળું કરી સાદું મીઠું પાન ખાતાં હતા તેમાં તમાકું ઉમેરાઇ, ટીઆરપી વધારવા મનોરંજનનો અતિરેક થયો. ઢગલાબંધ ચેનલો અને ગણ્યા ગણાય નહીં એટલા કાર્યક્રમો. ઘણુંઘરું ચીલાચાલુ વાર્તાને ચાબુક મારીને આગળ વધારાતી હોય એવું લાગે છે, તો પણ સિરિયલો ચાલ્યા કરે છે.



થોડા સમય પહેલાં એક ડેઇલી સોપ નવ વર્ષથી વધુ સમય ચાલી હતી. એના લગભગ એક હજાર એપિસોડ થયા હતા. એમાં જિવાતા જીવનને સ્પર્શે એવું ભાગ્યે જ કશું હતું. કુટુંબને જોડે તેવી નહીં પણ વિખવાદ અને વિસંવાદની વાતોને એમાં વધુ ઉત્તેજન અપાતું હોય એવું જણાતું હતું. તાલમેલ વગરની, અપ્રીતિકર ઘટનાઓથી ખદબદતી એ સિરિયલ દર્શકોએ વર્ષો સુધી જોઇ. વાર્તા સિરિયલ અને ફિલ્મ એ છે, જેની વાર્તા યાદ રહી જાય ને આરંભથી અંત સુધી શું બન્યું તેનો ગ્રાફ સ્મૃતિમાં સચવાઇ રહે છે. એનોનનું એક વિધાન છે : ‘કેટલાક ટીવી કાર્યક્રમો આંખ માટે ચ્યુંઇગમ જેવા હોય છે.’ પણ એવું બહું ઓછું બને છે. દસ વર્ષ સુધી ચાલેલી ડેઇલી સોપમાં ખર્ચાયેલા સમયની રોજની ત્રીસ મિનિટના હિસાબે ગણતરી કરી તો જિંદગીનો કેટલો સમય વેડફાઇ ગયો તેનો જવાબ મળે. એટલો સમય પુસ્તકો વાંચવામાં અથવા કંઇક સર્જનાત્મક કામ કરવામાં વપરાઇ શક્યો હોત.

વુડી એલને કેલિફોર્નિયાના ટેલિવિઝન પર ટેલિકાસ્ટ થતા કચરા જેવા કાર્યક્રમો અંગે કહ્યું હતું, ‘કેલિફોર્નિયામાં કચરો ફેંકી દેતા નથી પણ તેને ટીવી શો બનાવવા માટે વપરાય છે.’

આપણે ત્યાં પણ ચેનલો પરથી દર્શાવવામાં આવતા હાસ્યના કાર્યક્રમો અને રિયાલિટી શો પણ કયાં દમદાર હોય છે? હાસ્યના કાર્યક્રમમાં ઘણી વાત સાવ સસ્તા અને અશ્લિલ જોક્સ હોય છે. રિયાલીટી શોમાં પણ સુરૂચિનો ભંગ કરે એવું વારંવાર જોવા મળે છે. વધુ ચિંતિત કરે એવી બાબત એ છે કે બાળકો પણ આ બધું જોતા હોય છે. બાળકોને સારાં પુસ્તકો વાંચતા કરી ટેલિવિઝનના નકામા કાર્યક્રમો જોતાં અટકાવી શકાય છે. વયસ્કો પણ બાળકોને પુસ્તકાલયના સભ્ય બનાવી, એમનાં માટે પુસ્તકો ખરીદી એમનામાં વાચનરસ કેળવાય તેમ કરી શકે. સારું વાચન વિચારો સમૃદ્ધ કરે છે અને કલ્પનાશક્તિ વિકસાવે છે, જે ટેલિવિઝન સામે બેસવાથી શક્ય બનતું નથી.

**આપણે ત્યાં પણ ચેનલો પરથી દર્શાવવામાં આવતા હાસ્યના કાર્યક્રમો અને રિયાલિટી શો પણ કયાં દમદાર હોય છે? હાસ્યના કાર્યક્રમમાં ઘણી વાત સાવ સસ્તા અને અશ્લિલ જોક્સ હોય છે, રિયાલીટી શોમાં પણ સુરૂચિનો ભંગ કરે એવું વારંવાર જોવા મળે છે**